અમદાવાદ શહેર પોલીસ

સરદારનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નંબર : ૯૫૧૨૬૭૫૮૬૯
Email Id: Polstn-sradar-ahd@gujarat.gov.in

eGujCop

# પ્રેસ નોટ

## ભારતીય બનાવટનો વિદેશી દારૂ ની નાની મોટી બોટલ તથા બિયરના ટીન મળી કુલ બોટલ નંગ-૧૪૪/- કુલ્લે કિ.રૂ.૩૭,૦૦૦/- ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર- ૨ અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી-જુગારની પ્રવુત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મદદનીશ.પોલીસ.કમીશ્નર " જી" ડીવીજન સાહેબ શ્રી નાઓના માર્ગદર્શન હેઠળ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન તથા સર્વેલન્સ પો.સ.ઇ શ્રી આઇ.કે.મોથલિયા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના મ.સ.ઇ બાબુભાઇ કાનજીભાઇ બ.ન.૮૦૨૧ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે શ્રવણ ઉર્ફે બલાજી ઉર્ફે બલીયો જોરાજી ઉર્ફે જીવરાજભાઇ જાતે,ઠાકોર ઉ.વ.૨૮ રહે,૪/૧૫૯ વાલ્મીકી આવાસ યોજના સાઇબાબાના મંદીરની બાજુમા નોબલનગર સરદાર નગર અ.વાદ શહેર નાનો પોતાના કબ્જાના મકાનમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ ની નાની મોટી બોટલ બીયરના ટીન મળી કુલ્લે નંગ- ૧૪૪ કિ.રૂ.૩૭,૦૦૦/- નો મુદ્દામાલ રાખી રેડ દરમ્યાન મળી આવી પકડાઇ ગયેલ હોય સદરી વિરુધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરેલ છે.

સરદારનગર પો.સ્ટે. સિનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી સી.આર.જાદવ તથા સર્વેલંસ પો.સ.ઇ શ્રી આઇ.કે.મોથલિયા તથા મ.સ.ઇ બાબુભાઇ કાનજીભાઇ બ.ન.૮૦૨૧ તથા હે.કો. ઉપેન્દ્રસિંહ બેચરસિંહ બનં,૪૦૦૨ તથા હેકો રજનીભાઇ ડાહ્યાભાઇ બનં.૪૩૦૧ તથા પો.કો. ભરતભાઇ હરચંદભાઇ બ.ન.૮૪૫૭ તથા પોકો અનિલભાઇ ઇશ્વરભાઇ બનં.૭૩૦૨ તથા પો.કો કિરણકુમાર ચંદુલાલ બ.ન.૫૭૭૦ નાઓ રેડમા જોડાયેલ હતા.

**નોધ;- સરદારનગર પોલીસે ચાલુ વર્ષમાં (૨૮ ઓગસ્ટ ૨૦૧૯ સુધીમાં ) પ્રોહીના કુલ- ૪૭ તથા જુગારના કુલ-૫૪ મળી કુલ- ૧૦૧ ક્વોલિટી કેસ શોધેલ છે.**